# પશુપાલન ગ્રામીણ અર્થકારણમાં મહત્વનું સ્થાન ધરાવે છે : ડીડીઓ

## કોબા ખાતે ૧૬ લાખના ખર્ચે તૈયાર થયેલ નવા પશુ દવાખાનાનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૧૯

પશુપાલન એ ગ્રામીણ અર્થકારણમાં અતિ મહત્વનું સ્થાન ધરાવે છે. સરકાર પણ પશુપાલનને પ્રોત્સાહિત કરી અને ગ્રામીણ અર્થકારણને વધુ મજબુતાઈ આપી રહેલ છે. પશુપાલન એ હવે શોખ નહિ પણ ઉદ્યોગ તરીકે વિકાસ પામી રહ્યો છે તેમ જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ જણાવ્યું હતું.

તેમણે કહ્યુ હતુ કે પશુપાલન ક્ષેત્રે હવે ઘણા બધા બદલાવ આવ્યા છે. કોબા પશુ દવાખાનામાં વિસ્તરણ દ્વારા પશુપાલકોને પશુ પોષણ, પશુ આરોગ્ય બાબતે સતત માર્ગદર્શન મળી રહે તે માટે જરૂરી વ્યવસ્થા ગોઠવવા પણ તેમણે તંત્રને તાકીદ કરી હતી.

કોબા ખાતે આજે રૂ. ૧૬ લાખના ખર્ચે નવિન નિર્માણ પામેલ પશુ દવાખાનાનું લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. આ પહેલાં ગૌપૂજન કરી અને રિબિન કાપી તેનો વિધિવત્ આરંભ કરાવવામાં આવ્યો હતો.

જિલ્લા પંચાયતના પ્રમુખ રામાજી ઠાકોરે જણાવ્યું હતું કે પશુપાલકોને જિલ્લા પંચાયતના સ્વભંડોળમાંથી રૂ. ૫૦ લાખની માતબર રકમ ફાળવી પશુપાલનના ઉત્તેજનને મહત્વ આપવામાં આવ્યુ છે. તેમણે જણાવ્યુ હતુ કે પશુઓમાં થતા વિવિધ રોગોને નિયંત્રણમાં લેવા માટે સઘન પ્રયાસો થયા છે અને તેમાં સારી સફળતા પણ સાંપડી છે.

આ પ્રસંગે ગાંધીનગર (દ) બેઠક પરના ચૂંટાયેલા ધારાસભ્ય શંભુજી ઠાકોરે પણ પશુપાલનનું ગ્રામીણ જીવનમાં મહત્વ સમજાવી પશુપાલનના વિકાસ માટે પુરતો સહયોગ આપવાની ખાતરી આપી હતી. તેમણે તેમના વિસ્તારમાં વિકાસના કામો પણ સાથે મળી કરવા પર ભાર મુકીને પોતાનાથી શક્ય તમામ યોગદાન માટે તત્પરતા બતાવી હતી.

આ પ્રસંગે ગુડાના ચેરમેન આશિષભાઈ દવે પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા પશુપાલન અધિકારી ડૉ. આર.વી. પ્રજાપતિ અને તેમની ટીમે સારી એવી જહેમત ઉઠાવી હતી.



ધુમ્મસ : તાપમાનનો પારો એકાએક ગગળતા ગાંધીનગર - અમદાવાદમાં વહેલી સવારે વાતાવરણ ધુમ્મસથી ઘેરાઈ જાય છે. અમદાવાદ - ગાંધીનગરમાં વાહનચાલકોને સવારના બે કલાક તો ભારે હાલાકી અનુભવાય છે. રીવરફ્રન્ટ પર ધુમ્મસથી સર્જાતા વમળોની યાદગાર તસવીર.

## ગ્રાન્ટેડ શાળાઓમાં વિવિધ કેડરની ૬૮૫૦ જગ્યાઓ પુનઃ જીવિત કરાઈ

ગાંધીનગર, તા. ૧૯

નાયબ મુખ્યમંત્રી અને નાણાં મંત્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, રાજ્યના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ પુરૂ પાડવું એ રાજ્ય સરકારની પ્રાથમિકતા રહી છે ત્યારે બિન-સરકારી ગ્રાન્ટેડ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વિવિધ કેડરની ૬૮૫૦ જગ્યાઓ પુનઃજીવિત કરવાનો રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે. જેના પર સત્વરે નિમણૂંકો કરાશે.

નાણા મંત્રીએ ઉમેર્યુ કે, રાજ્યની અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં સાતમાં પગાર પંચના લાભો આપવા સમયે ખાલી રહેલ જગ્યાઓ રદ કરવાની શરતે, આ લાભો મંજૂર કરાયા હતા. પરંતુ, શિક્ષણ ક્ષેત્રે મહત્વની આ જગ્યાઓ ભરવી અનિવાર્ય હોઈ, રાજ્ય સરકારે આ જગ્યાઓ પુનઃ જીવિત કરવાનો નિર્ણય કર્યો છે. જેમાં, આચાર્યોની ૧૫૬૬, માધ્યમિક મદદનીશ શિક્ષક (શિક્ષણ સહાયક) ની ૨૯૧૫, ઉચ્ચતર માધ્યમિક મદદનીશ શિક્ષક (શિક્ષણ સહાયક)ની ૨૩૬૯ મળી કુલ-૬૮૫૦ જગ્યાઓ પુનઃ જીવિત થશે. જેના પર હવે નિમણૂંકો અપાશે.

# વિસરાતી રમતોનો રમતોત્સવ

ગાંધીનગર, તા.૧૯

આદર્શ નિવાસી કન્યા શાળા સેક્ટર-૮ ખાતે એથ્લેટીક્સ તેમજ સમાજના માનસપટલ પરથી વિસરાતી જતી રમતોનો રમતોત્સવ યોજાયો હતો.

ગત તા. ૧૦ અને ૧૧ બે દિવસ દરમિયાન કબડ્ડી, ખોખો, એથ્લેટીક્સની વિવિધ સ્પર્ધાઓ તેમજ વિસરાતી જતી રમતોનું આયોજન કરાયું હતું. આ રમતોની શરૂઆત શાળાનાં આચાર્ય જી.કે. સોલંકીએ કરાવી હતી જેમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ રમતોત્સવ દરમિયાન લાંબીકુદમાં અનુક્રમે ભુમિકા પરમાર, જ્યોતિ પનારા, વૈભવી પરમાર વિજેતા બન્યા હતા. કબડ્ડીમાં અને ખોખોમાં મિત્ત પરમારની ટીમ વિજેતા બની હતી. ઊંચીકુદમાં વનિતા પંડ્યા, ભુમી પરમાર, પાયલ વેગડ તથા દોડમાં કોમલ સોલંકી, પાયલ વેગડ, દિપીકા સોલંકી, પાંડવ હર્ષા જયારે ગોળાફેંકમાં જ્હાન્વી રોઠોડ, વનીતા પંડ્યા, પ્રિયંકા સોનાર વિજેતા બન્યા હતા.

વિસરાતી રમતોમાં કોથળા દોડમાં અનુક્રમે ભૂમી પરમાર, નિકિતા પરમાર, તેમજ પ્રિયંકા સોનારા વિજેતા બન્યા હતા. લીંબુચમચીમાં પ્રેરણા રોઠોડ, પાયલ વેગડ, પ્રિયંકા પરમાર તો સંગીત ખુરશીમાં મિત્તલ પરમાર, રોશની વાઘેલા અને મયુરી શ્રીમાળી વિજતા બની હતી.

આ રમતોમાં નિર્ણાયકની ભુમિકા એસ.કે. પરમાર અને જાવી સાહેબે ભજવી હતી. તમામ વિજેતાઓને શાળાના આચાર્ય કુસુમબેન ચૌહાણ તેમજ શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

# આંગણવાડી-આશા વર્કરોના વેતનમાં વધારો કરવા વિનંતી

## શીપ બ્રેકિંગ ઉદ્યોગને પ્રોત્સાહન આપવા શૂન્ય ટકા ડ્યુટી, ખેડૂતોને સોલાર પમ્પ માટે ૩૦ ટકા સબસિડીની માંગણી

ગાંધીનગર,તા. ૧૯

ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે ગઈકાલે દિલ્હી ખાતે કેન્દ્રર્ય નાણામંત્રી અરુણ જેટલીએ બોલાવેલ રાજ્યોના નાણામંત્રીઓની પ્રી-બજેટ મિટિંગમાં હાજર રહી કેટલાક મહત્વના સૂચનો કર્યા હતા. આ બેઠકને સંબોધતા નીતિન પટેલે જણાવ્યું હતું કે, સોલાર ક્ષેત્રે ગુજરાત સરકારે ઉત્કૃષ્ઠ કામગીરી કરેલ છે અને સોલાર પોલિસી જાહેર કરી ખેડૂતો પણ સોલાર પમ્પનો વધુમાં વધુ ઉપયોગ કરે તે માટે રાજ્ય સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. નીતિન પટેલે સોલાર પમ્પ માટે ૩૦ ટકા સબસિડીનું ધોરણ નક્કી કરવા તથા ૧૦ હોર્સપાવરની મોટરનો આ યોજના અંતર્ગત સમાવેશ કરવા કેન્દ્ર સરકારને ભારપૂર્વક વિનંતી કરી હતી. તેમણે એ પણ ઉમેર્યું કે આ પ્રોત્સાહન આપવાથી વીજળીના ઉપયોગમાં બચત થશે જેના કારમએ કેન્દ્ર અને રાજ્ય સરકારને નાણાંકીય પણ ફાયદો થશે. પટેલે આંગણવાડી વર્કર અને આશા વર્કર બહેનોનું માનદ વેતન વધારવા કેન્દ્ર સરકારને વિનંતી કરી હતી. ભારત સરકારે નક્કી કરેલ માનદ વેતન કરતા પણ ગુજરાત સરકાર માનદ વેતન વધુ આપી રહી છે પરંતુ તે અપુરતુ છે તેમ તેમણે ઉમેર્યું હતું. પટેલે કહ્યું હતું કે, શીપ બ્રેકિંગ ઉદ્યોગોથી વિપુલ પ્રમાણમાં રોજગારીની તકો ઉપલબ્ધ થવા ઉપરાંત કેન્દ્ર તથા રાજ્ય સરકારને કસ્ટમ ડ્યુટી વગેરેની આવક પણ થાય છે. શીપ બ્રેકિંગ ઉદ્યોગોને પ્રોત્સાહન આપવા રાજ્યમાં શીપ બ્રેકિંગ માટે આવતા જહાજો ઉપરની કસ્ટમ ડ્યુટી ૨.૫ ટકાથી ઘટાડીને શૂન્ય ટકા કરવાની તેમણે રજૂઆત કરી હતી. ખાસ કરીને ગુજરાતના ભાવનગર જિલ્લાના અલંગ ખાતેના વિશ્વના મોટામાં મોટા શીપ બ્રેકિંગ ઉદ્યોગનો ઉલ્લેખ કરીને તેમણે જણાવ્યું હતું કે, ઓરિસ્સા, બિહાર, આંધ્રપ્રદેશ તથા ઉત્તરપ્રદેશના કામદારો વિપુલ પ્રમાણમાં ગુજરાતમાં આવી આ ઉદ્યોગોમાં કામગીરી મેળવી વિપુલ પ્રમાણમાં રોજગારી મેળવે છે.

## ૧૮૦૦૦ ગામડાની જમીન માપણી કામ પૂર્ણતાના આરે

રાજ્યના મહેસુલ મંત્રી કૌશિક પટેલના અધ્યક્ષસ્થાને ૧૮-૧-૨૦૧૮ના રોજ ગાંધીનગર ખાતે રાજ્યના કલેક્ટરોની કોન્ફરન્સ યોજાઈ હતી. આ કોન્ફરન્સમાં મહેસુલ વિભાગને લગતી રીસર્વે માપણી એનએ, પ્રોપર્ટી કાર્ડ, હક પત્રની નોંધો, બાકી મહેસુલ, સ્ટેમ્પ ડ્યુટીના બાકી કેસો જેવી દસ જેટલી બાબતોની સમીક્ષા કરવામાં આળી હતી. મંત્રીએ સમીક્ષા બાદ ટુંકાગાળાની અને લાંબાગાળાની સમયાવિધ ધરાવતી કામગીરી નક્કી કરવા અને બાકી કામગીરી માટે સમય મર્યાદા નક્કી કરવા સૂચના આપી હતી.

# સે-૬ જલારામ હોસ્પિટલ ખાતે બોડી ચેક-અપ કેમ્પ યોજાશે

## ઓર્થોપેડીક જોઈન્ટ રીપ્લેસમેન્ટ સેન્ટર અને આઈસીયુ સેવા ૨૪ કલાક કાર્યરત

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરના સેકટર-૬ ઘ-૨ કોર્નર પાસે આવેલ અપના બજારની બાજુમાં ઓર્થોપેડિક જોઈન્ટ રીપ્લેસમેન્ટ સેન્ટર અને આઈસીયુ સેવા આપતી જલારામ હોસ્પિટલ ખાતે આગામી તા. ૨૧ જાન્યુઆરીના રોજ સવારે ૯ કલાકથી જલારામ મેજર બોડી ચેક-અપ પ્રોફાઈલનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિવિધ નિષ્ણાંત ડોક્ટરોની ટીમ દ્વારા વિવિધ ટેસ્ટ કરવામાં આવશે.

જલારામ હોસ્પિટલના ડો. હાર્દિક સિંહ વાઘેલાના જણાવ્યા મુજબ ફુલ બોડી ચેકઅપમાં વિવિધ ટેસ્ટ કરવામાં આવે છે, જેમાં સીબીસી વિથ ઈએસઆર, ટીએસએચ, ક્રિએટીન, એસજીપીટી, પીટી-કેલ્શીયમ, યુરીન-આરએમ, કોલેસ્ટેરોલ-લીપીડ પ્રોફાઈલ, આરબીએસ, વીટામીન બી-૧૨, સહિત ડોક્ટર કન્સલટન્ટનો સમાવેશ થાય છે. જેનો અંદાજીત ખર્ચ રૂ.૬૦૦૦ જેટલો થવા પામે છે. પરંતુ આ કેમ્પમાં માત્ર રૂ.૧૪૯૯ માં તમામ ટેસ્ટ કરવામાં આવશે. જયારે ઓર્થોપેડીક વિભાગમાં ચેકઅપ કેમ્પ દરમિયાન એકસ-રે ના રૂ.૨૦૦ તેમજ ઈસીજીના રૂ. ૧૦૦ રાખવામાં આવેલ છે. જયારે શરીરના હાડકામાં રહેલા કેલ્શીયમની માત્રા બતાવતો ટેસ્ટ વિના મુલ્યે કરવામાં આવશે. જયારે જલારામ જોઈન્ટ રીપ્લેસ સેન્ટર ખાતે સામાન્ય વર્ગના નાગરીકોને પણ પોસાય તેવી કિંમતે જોઈન્ટ રીપ્લેસ મેન્ટની સારવાર શહેરમાં ઉપલબ્ધ કરાઈ છે. જલારામ હોસ્પિટલ ખાતે ઓર્થોપેડીક વિભાગની સાથેસાથે ફીજીશીયન, ન્યુરો સર્જરી, પ્લાસ્ટીક સર્જરી, સર્જરી વિભાગ, તેમજ મગજ અને માનસીક રોગના દર્દીઓની પણ સારવાર ઉપલબ્ધ કરાઈ છે. આધુનિક ટેકનોલોજી અને નવીન સાધનોથી સજ્જ જલારામ હોસ્પિટલ સ્વચ્છતા અંગે પણ વિશેષ ધ્યાન રાખવામા આવી રહ્યું છે.


**ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ (‘ગીર’) ફાઉન્ડેશન, ગાંધીનગર**

‘ગીર’ ફાઉન્ડેશન

**ચાર્ટડ એકાઉન્ટન્ટ (સી.એ.)ની નિમણુંક બાબત**

‘ગીર’ ફાઉન્ડેશન, ગાંધીનગરની કચેરી સરકારશ્રીના અનુદાનથી ચાલતી સ્વાયત્ત સંસ્થા છે. જે પરિસરીય સંશોધન અને પર્યાવરણ શિક્ષણ અંગે લોકજાગૃતિ કેળવાય તે અંગે કાર્યરત છે. સદરહુ સંસ્થાના સને ૨૦૧૭-૧૮ના વાર્ષિક હિસાબોના ઓડીટ કામગીરી માટે ભાવો મંગાવવામાં આવે છે. **જે કોઈ રસ ધરાવતા હોય તેવા ગાંધીનગર ખાતેના સ્થાનિક ચાર્ટડ એકાઉન્ટન્ટ / સંસ્થા / કંપની / ભાગીદારી પેઢીઓએ કે જૌને સરકારી કચેરીઓના ઓડીટનો પાંચ વર્ષન અનુભવ હોય,** તેઓ પાસેથી જાહેરાત પ્રસિદ્ધ થયાથી દિન-૧૦માં તેઓના ભાવો કંપની / સંસ્થાના લેટર પેડ ઉપર સહી સિક્કા સહિત સીલબંધ કવરમાં રજીસ્ટર્ડ પોસ્ટ એ.ડી.થી નીચેના સરનામે મળે તે રીતે મોકલી આપવાના રહેશે. સીલબંધ કવર ઉપર ‘હિસાબોના ઓડીટની કામગીરી માટે ચાર્ટડ એકાઉન્ટન્ટની નિમણુંક અંગેના ભાવો’ લખવાનું રહેશે. વધુ વિગતોની જાણકારી માટે નીચેના સરનામે સંપર્ક કરવા વિનંતી છે.

‘ગીર’ ફાઉન્ડેશન
ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન, સેક્ટર૨૭,
‘જ’ રોડ, ગાંધીનગર.
ફોન નં. : ૦૭૯-૨૩૯૭૭૩૦૦/૩૧૧

નાયબ નિયામક (આર.એન્ડ ડી.)
‘ગીર’ ફાઉન્ડેશન,
ગાંધીનગર
માહિતી/૨૫૦૩/૧૭-૧૮


# ‘પદ્માવત’ ફિલ્મ - ટૉક ઑફ ધ ટાઉન

## આગામી ૨૫મીથી ‘પદ્માવતી’માંથી ‘પદ્માવત’ ફિલ્મને રીલીઝ કરવા સુપ્રીમ કોર્ટની લીલીઝંડી બાદ સમાજના વિવિધ ક્ષેત્રોમાં સર્જાયેલ આઘાત પ્રત્યાઘાતના પ્રતિબિંબ ઝીલવાનો નમ્ર પ્રયાસ પ્રસ્તુત કરીએ છીએ

● ‘ભારતમાં નાગરિકો ભગવાન પછી બીજા કોઈનો આદેશ માથે ચઢાવતા હોય તો તે સુપ્રિમ કોર્ટનો આદેશ છે. સુપ્રિમ કોર્ટે આદેશ ભલે વ્યક્તિગત રીતે કોઈને અનુકૂળ ના આવે પરંતુ તે સમગ્ર સમાજને ધ્યાનમાં રાખીને જ અપાયો હોય છે. જો કે નિર્માતાઓએ પણ ફિલ્મ દ્વારા કોઈ સમાજની લાગણી ના દુભાય તે ધ્યાનમાં રાખવુ જોઈએ કેમ કે ધર્મ, સંસ્કૃતિ અને પરંપરા એ આપણા આધાર છે.’



**- નરેશ કનોડિયા - ગુજરાતી ફિલ્મસ્ટાર**

● ‘એક ફિલ્મ બનાવતા અઢળક વ્યક્તિઓને રોજગારી પ્રાપ્ત થાય છે, આ ફિલ્મને બન્યા પછી જો બજાર ના મળે તો આ તમામની રોજગારી પર સવાલ ઉભો થાય છે. આ બાબત ફિલ્મનો વિરોધ કરનારે ધ્યાનમાં રાખવી જોઈએ. વળી, સંજયલીલા ભણશાલીએ ગુજરાતના ગૌરવ સમાન જવાબદાર નિર્માતા-દિગ્દર્શક છે. તેમણે ફિલ્મોને નવા પ્રકારની સંવેદાનાત્મક ઊંચાઈ બક્ષી છે. તેઓ ખૂબ ચીવટથી ફિલ્મ બનાવે છે. આ ફિલ્મને સેન્સરબોર્ડની પેનલ તથા સુપ્રિમકોર્ટે પણ મંજૂરી આપી છે તો તેને રિલિઝ થવા દેવી જોઈએ.’



**- અવની મોદી - ફિલ્મ અભિનેત્રી**

● ‘સેન્સર બોર્ડની પેનલે ફિલ્મ પાસ કરી છે એટલે તેને રિલીઝ થવા દેવી જોઈએ. હા, કોઈ સમાજની લાગણી જો દુભાતી હોય તો તે સમાજના અગ્રણીઓ, પ્રતિનિધિઓ તથા ઈતિહાસકારોને દેખાડી તમામને વિશ્વાસમાં લઈને નિર્માતાએ ચાલવુ જોઈએ, તેમની મંજૂરી સાથે ફિલ્મ રિલીઝ થાય તેવો નિર્માતાએ પ્રયાસ કરવો જોઈએ.’



**- જનક ઠક્કર - ફિલ્મ અભિનેતા**

● ‘સેન્સર બોર્ડની પેનલે ફિલ્મ નિહાળ્યા પછી તેમાં અઢળક ‘કટ’ મુક્યાં છે તેનો મતલબ કે ફિલ્મમાંથી કોઈની લાગણી દુભાતી હોય તેવા દશ્યો કે સંવાદો દૂર કરી દેવાયા હશે. આ ઉપરાંત સુપ્રિમકોર્ટનો પણ ચુકાદો ફિલ્મને રિલીઝ કરવા દેવા માટે આપ્યો હોય ત્યારે હવે આ ફિલ્મને રિલીઝ થવા દેવી જોઈએ. નિર્માતાએ ફિલ્મમાં કટ સાથે નામ સહિત અનેક ફેરફાર પણ કર્યા છે તે ધ્યાનમાં રાખવું જોઈએ.’



**- જગદીશ શોની - ગુજરાતી ફિલ્મ નિર્માતા**

● ‘પદ્માવતી ફિલ્મ રીલીઝ ના થવી જોઈએ કારણ કે રાજપૂત સમાજના ઈતિહાસ સાથે ચેંડા કરવામાં આવેલ છે અને કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ના બગડે તે માટે ચાર રાજ્યોની રાજ્ય સરકારે પદ્માવતી ફિલ્મ ઉપર પ્રતિબંધ લગાવેલ પણ સુપ્રિમકોર્ટના ચુકાદા મુજબ ફિલ્મ રજૂ કરવાની પરવાનગી આપવામાં આવી તેથી ભારત દેશ તથા ગુજરાતના રાજપૂતોની લાગણી દુભાય અને રાજપૂત સમાજના ઈતિહાસ સાથે ચેંડા થાય તેવુ કોઈપણ કામ થશે તો રાજપૂત સમાજ તેને શાંખી નહીં લે. અને અગાઉની કાર્યવાહી રાજપૂત સમાજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ધ્યાનમાં રાખીને કરશે.’



**- રાજનસિંહ પી. ચાવડા, જિલ્લા રાજપૂત સમાજ, ગાંધીનગર**

● ‘ભારતનો ઈતિહાસ ખૂબ ગૌરવવંતો રહ્યો છે અને એમાંય ખાસ કરી, રાજા-રજવાડાઓ આ ઈતિહાસના સીરમોર સાક્ષીઓ રહેલા છે. અત્યારે વિવાદિત ફિલ્મ ‘પદ્માવતી’ જેને હવેથી ‘પદ્માવત’ નામ આપવામાં આવ્યું. રાણી પદ્માવતીના ચારિત્ર્યને વધારે ખંડિત કરતી વાત કહી શકાય. કોઈ ફિલ્મનું નામ બદલવાથી ઈતિહાસ સુધરી જતો નથી. આ ફિલ્મ ગુજરાતમાં રજૂ નહિ થાય. એટલું જ નહિ, એને દેશ અને દુનિયામાં પણ રજૂ કરવા માટે પરમીશન આપવી જોઈએ નહિ. જેથી કરી, ફરી કોઈ દિગ્દર્શક આવી ફિલ્મ બનાવાવની ભૂલ ના કરે, એવું મારૂ પોતાનું વ્યક્તિગત માનવું છે.’



**- શંકરસિંહ રાણા, પ્રમુખ, ગાંધીનગર રાજપૂત સમાજ**

● ‘હિન્દુ સંસ્કૃતિને તોડી-મરોડીને અને રાજપૂત સંસ્કૃતિને ખંડિત કરી પદ્માવતી ફિલ્મ બનાવાઈ છે. પદ્માવતી ફિલ્મ અંગે સમગ્ર ભારતમાં વિરોધનો શૂર ઉઠતા પદ્માવત નામ કર્યુ છે. પરંતુ કોઈપણ હિસાબે રાજપૂત સમાજને આ ફિલ્મ રિલીઝ થાય તે મંજૂર નથી. ત્યારે આ ફિલ્મ રિલીઝ ના થાય તે માટે ઉગ્ર લડત ચલાવવામાં આવશે.


**સુશિલાબા આર. જાડેજા,**
**પ્રમુખ, ગાંધીનગર રાજપૂત મહિલા મંડળ**

● ‘ફિલ્મને સિટી પલ્સ થિયેટરમાં રીલીઝ કરવી કે નહી તે બાબતે હજુ નિર્ણય લેવાયો નથી. પરંતુ કરણી સમાજની લાગણી દુભાય કે ફિલ્મમાં તેના ઈતિહાસને તોડી મરોડીને પ્રસ્તુત કરી સમાજની લાગણીને ઠેસ પહોંચે તેવી કોઈ પણ બાબત ફિલ્મમાં હશે તો આ ફિલ્મને થિયેટરમાં ચલાવીશુ નહી. કરણી સમાજને દુઃખ થાય તેવો નિર્ણય સિટી પલ્સનું મેનેજમેન્ટ લેશે નહી તે બાબત સ્પષ્ટ છે.



**- તેજસ પટેલ, મેનેજર, સીટી પલ્સ, ગાંધીનગર**

● ‘સર્વને મારી એક નમ્ર અપીલ છે કે ‘પદ્માવત’ ફિલ્મને મામલે સરકાર પોતાની રીતે ફિલ્મ રીલીઝ ન થાય તેવા પુરતા પ્રયત્ન કરી રહી છે. તો કોઈ કાયદો પોતાના હાથમાં ન લે. આખરે જો ફિલ્મ થિયેટરોમાં રીલીઝ થશે તો થિયેટરોની બહાર પુરતો પોલીસ બંદોબસ્ત તૈનાત કરવામાં આવશે. પોલીસ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પ્રયત્નશીલ રહેશે અને કાયદો કાયદાનું કામ કરશે.’



**- મયંકસિંહ ચાવડા,**
**રેન્જ આઈજીપી, ગાંધીનગર**

● ‘પદ્માવત’ ફિલ્મને રીલીઝ કરવી કે નહીં તે મામલે હજુ સુધી મેનેજમેન્ટ દ્વારા કોઈ પ્રકારનો નિર્ણય લેવાયો નથી. અમને હજુ સુધી ઉપરથી કોઈ સુચના મળી નથી.

**- સૌરભ જહા, મેનેજર,**
**સીનેમેક્સ, સે. ૨૧, ગાંધીનગર**


સંસ્કૃતિ

## “સંસ્કૃતિ” સંસ્થા, ગાંધીનગર

## ‘રાજધાનીનાં રતન’

‘સંસ્કૃતિ’ દ્વારા ગાંધીનગર શહેર અને જિલ્લામાં વસતા કલાકારોની એક ડિરેકટરી બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ કામગીરી તેના સક્રિય તબક્કામાં પ્રવેશી ચૂકી છે ત્યારે સંસ્થા દ્વારા એવી કાળજી લેવાઈ રહી છે કે આ ડિરેકટરીમાં પાટનગરના તમામ અગ્રણી તેમજ જેમનું પ્રદાન નોંધનિય છે અને જેમનું પ્રદાન અત્યંત આશાસ્પદ છે એવા તમામ કલાકારોનો આમાં સમાવેશ થઈ જાય. આ માટે તમામ કલાકારોને ફરીથી વિનંતી કરવામાં આવે છે જેઓએ આ કલા ડિરેકટરી માટે પોતાની વિગતો ન આપી હોય તો સત્વરે આપીને આ એક કલા વિષયક સેવા પ્રવૃત્તિને પ્રોત્સાહન આપે.

**નિયત ફોર્મ મેળવવા માટે સંપર્ક :**

| | |
|---|---|
| **ડૉ. ચેતના અ. બુચ**<br>પ્લોટ નં. ૨૨૦, અષ્ટલક્ષ્મી એપા.,<br>સેકટર-૨૦, ગાંધીનગર<br>મો. ૯૮૨૫૮ ૧૬૦૧૮ | **શ્રી હરેશ કે. ઠાકર**<br>પ્લોટ નં. ૨૩૧/૧, ડી-ટાઈપ,<br>જુના એમ.એલ.એ. કવાર્ટર, સે.૧૭,<br>ગાંધીનગર. મો. ૯૪૨૭૩ ૧૭૪૪૯ |
| **મનોજ શુકલ**<br>મંત્રી-૯૮૨૫૮ ૭૯૫૨૯ | **રમેશ પટેલ**<br>પ્રમુખ, ‘સંસ્કૃતિ’ સંસ્થા |

સ્થળ સૌજન્ય : કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. ફોન : ૨૩૨૧૧૪૮૯, ૨૩૨૪૩૬૨૩